ઉચ્ચ શિક્ષણની બોધભાષા

[૩૧]

'બુદ્ધિપ્રકાશ' ના જાન્યુઆરી ૧૯૪૯ના અંકમાં 'ઉચ્ચ શિક્ષણની બોધભાષાનો પ્રશ્ન' એ શીર્ષકે મારો એક લેખ પ્રગટ થયો હતો. તેમાંના કેટલાક મુદ્દાઓ પરત્વે આણંદથી પ્રગટ થતા 'વાણી' માસિકના સં. ૨૦૦૫ના મહા–ફાગણ–ચૈત્રના સંયુક્ત અંકમાં આચાર્ય ડોલરરાય માંકડે પોતાનો મતભેદ પ્રગટ કર્યો છે. ત્રણ મુદ્દાઓ તરફ એમણે મારું ખાસ ધ્યાન ખેંચ્યું છે, જે માટે હું તેમનો આભારી છું. એમનો લેખ સાંભળ્યા પછી 'બુદ્ધિપ્રકાશ'માંનો મારો ઉપર્યુક્ત લેખ હું ફરીથી તપાસી ગયો, પણ એમાં એવું કશું ન જણાયું જેમાં વિચારપરિવર્તનને અવકાશ હોય. તેમ છતાં આ. માંકડે રજૂ કરેલા મુદ્દાઓને એક પછી એક વિચારું.

૧. એમનો પહેલો મુદ્દો એમ છે કે આપણે ઉચ્ચ શિક્ષણની અર્થાત્ સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના શિક્ષણની વાત કરીએ ત્યારે સામાન્ય જનસમાજની એટલે કે નીચલા થરો (masses)ની વાત નહિ કરવી જોઈએ, કેમકે એ પ્રકારનું શિક્ષણ એટલું વ્યાપક થવાનું જ નહિ. આથી નીચલા થરો સમજી શકે એ ભાષા ઉચ્ચ શિક્ષણમાં માધ્યમ તરીકે રહેવી જોઈએ એ દલીલ એમને ઠીક લાગતી નથી.

આશ્ચર્યની વાત છે કે આ. માંકડે આ પ્રશ્નને કેવળ મહાવિદ્યાલયોમાં દાખલ થઈને ઉચ્ચ શિક્ષણ લેનારાઓનો ખ્યાલ કરીને વિચાર્યો ! એવાઓની સંખ્યા ઓછી જ હોય એ હકીકત તરત સ્વીકારી લેવાય એવી છે, પણ સવાલ એ નથી. સવાલ તો જ્ઞાન શી રીતે પ્રજાવ્યાપી થાય તેનો છે, અને શી રીતે પ્રજાવ્યાપી થતું હોય છે તેનો પણ છે. પ્રજામાં કક્ષાના ભેદો તો હોય છે, પણ પ્રત્યેક કક્ષાને સુગમ પડે તે રીતે જ્ઞાનનું વિતરણ કરવું રહે છે. હવે જો ઉચ્ચ શિક્ષણની બોધભાષા સ્વભાષા કરતાં જુદી હોય તો વિદ્વાનો એ ભાષામાં જ લખતા–વિચારતા થાય. એને પરિણામે સામાન્ય જનોને સુગમ એવી શબ્દાવલી એમને ઝટ સૂઝે નહિ, જેથી પોતાની ભાષામાં લખે–બોલે ત્યારે પણ એમની ભાષામાં સ્વાભાવિક ખૂબીઓ ઊતરી આવી શકે નહિ. આપણે ત્યાં જ્યારે શિક્ષણનું વાહન અંગ્રેજી ભાષા હતી ત્યારે શાળામાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જઈ ને અંગ્રેજી શિક્ષણ નહિ લઈ શકનારા વિશાળ આમ વર્ગ અને અંગ્રેજી ભણેલા વચ્ચે તો અંતર પડી જતું હતું જ, પણ એક જ કુટુંબમાં અંગ્રેજી ભણેલી અને નહિ ભણેલી વ્યક્તિઓ વચ્ચે પણ વિચારવિનિમયને અવકાશ રહેતો નહોતો. સામાન્ય વાતચીતથી, સંસર્ગથી, વ્યવહારથી કે અમસ્તા એ શબ્દો કાને પડી જવાથી જે જ્ઞાનલાભ મળે છે તેનાથી ઘરનો અંગ્રેજી નહિ ભણેલો વર્ગ વંચિત રહેતો. આથી ઊલટું, જે દેશોમાં ઉચ્ચતમ શિક્ષણ પણ સ્વભાષામાં જ અપાય છે તેનો દાખલો લો. ત્યાં કોઈ પણ વિચાર—અધરામાં અધરો વિચાર પણ—ભાષાને કારણે અધરો રહેતો નથી. આથી ભિન્ન ભિન્ન સમજશક્તિ ધરાવનારાઓને ભિન્ન ભિન્ન રીતે સમજાવવાના પ્રયાસો પણ એવા દેશમાં શક્ય બન્યા છે. યુનિવર્સિટીના કાર્યક્ષેત્રનો જ આ વિસ્તાર છે, અને ઇગ્લેંડ, ફ્રાન્સ, જર્મની આદિ દેશોની પ્રજાઓનું સામાન્ય ધોરણ આ રીતે જ ઊંચે જવા પામ્યું છે. ઉચ્ચ શિક્ષણ જે ભાષામાં અપાતું હોય છે તે જ ભાષામાં શ્રમની કરકસરના નિયમને અનુસરીને ચર્ચા, વિચારવિનિમય આદિ થતાં રહે છે. એટલે જો નીચલા થરોને કાયમ નીચલા રાખવા હોય તો જ સ્વાભાવિક બોધભાષા બદલવાની ભલામણ કરવી જોઈએ, કેમ કે સામાન્ય જનો જે સુલભ અને સુગમ હોય તે જ ગ્રહણ કરી શકતા હોય છે. એ હકીકત પ્રમાણીને જ તેમનું બૌદ્ધિક ધોરણ ઊંચે લઈ જવાની કોશિશ કરવી જોઈએ. જો એમને માટે ઉચ્ચ કોટિનું જ્ઞાન ભાષાને કારણે દુર્ગમ બને, તો એનું પરિણામ એ આવે કે ઉચ્ચ જ્ઞાન અમુક ખાસ વર્ગનો ઇજારો બની રહે. લોકો લાભ લે કે ન લે, પણ જ્ઞાનને સર્વસુલભ બનાવવાની સગવડ આપણે કરવી જ રહી.

ગહન વિષયો પણ સ્વભાષામાં ઘૂંટાતાં ઘૂંટાતાં સાદું સ્પર્શક્ષમ રૂપ પામતા જાય છે અને એમ થતાં સાદી ભાષા પણ સૂક્ષ્મ અર્થનો બોધ કરાવવાની શક્તિ મેળવતી જાય છે. આ હકીકત આ. માંકડની નજરબહાર નથી, પણ એનો લાભ તેઓ સ્વભાષાને નહિ પણ એમના માનેલા માધ્યમને—રાષ્ટ્રભાષા કે સાંસ્કૃતિક ભાષાને—આપવા માગે છે. પોતાના લેખમાં અન્યત્ર એમણે કહ્યું છે કે, “સ્નાતક અને અનુસ્નાતક વર્ગોમાં માધ્યમ તરીકે જો એ ભાષા વપરાય તો એના ઘડતરને ઘણો જ વેગ મળે.” પણ એની પાછળ નિયમ તો ઉપર બતાવ્યો એ જ પ્રવર્તે છે ને?

પ્રજામાં જ્ઞાન અસંખ્ય વાટે પ્રસરે છે—જો એના પ્રસરણના મુખ્ય માર્ગમાં અંતરાય મૂકવામાં ન આવે તો. એક દાખલો લઈએ. પ્રજાના માણસો બધા કંઈ યુનિવર્સિટી સુધીનું શિક્ષણ પામી શકે નહિ, પણ એ શિક્ષણના પરિપાક-

Jain Education International   For Private & Personal Use Only   www.jainelibrary.org

રૂપ જે ગ્રંથો રચાયા હોય, જે વ્યાખ્યાનો થતાં હોય, જે વિચારચર્ચાઓ ચાલતી હોય તેનો લાભ લઈને પોતાનો બુદ્ધિવિકાસ સાધનારી વ્યક્તિઓ સદાકાળ અને સર્વત્ર પાકતી રહેવાની. એમને શું કરવાથી મોકળાશ મળે?

એની સાથે એક બીજો પ્રશ્ન પણ વિચારવા જેવો છે: જો પ્રજાના થરેથરમાં જ્ઞાન પચે એ માટે પદ્ધતિસરની કોશિશ ન થાય તો શું પરિણામ આવે તેનો વિચાર કર્યો? ખુદ ઉચ્ચ શિક્ષણના વિકાસને જ તેથી વિઘ્ન નડે. જ્યાં અનેક જણ કેળવાયેલાં હોય છે ત્યાં અનેકની ભિન્ન ભિન્ન શક્તિઓનું સહિયારું સમસ્ત વિદ્યાપ્રવૃત્તિને ઉપકારક નીવડે છે. એટલે આ પ્રશ્ન કેવળ મહાવિદ્યાલયોમાં જઈને ઉચ્ચ શિક્ષણ લેનારાઓનો ખ્યાલ કરીને નહિ, પણ આખી પ્રજાના લાભનો વિચાર કરીને ઉકેલવો જોઈએ.

ગુજરાતી ભાષાનું થવાનું હોય છે થાય, એવો નિર્દય મત આ. માંકડ ધરાવતા નથી. એવો મત ધરાવનારા પણ હોઈ શકે અને વસ્તુસ્થિતિને જોયા–જાણ્યા વિના અમુક ઇષ્ટ પરિસ્થિતિ કલ્પીને જ વિચારનારા આ પ્રકારના લોકોને સમજાવવું પણ મુશ્કેલ. સુભાગ્યે આ. માંકડ એ કોટિના નથી. એમના લેખ પરથી હું સમજ્યો છું કે ગુજરાતી ભાષાનો વિકાસ એમને ઇષ્ટ છે. એટલે તો પછી શું કરવાથી એ વિકાસ સધાય એનો જ વિચાર કરવાનું પ્રાપ્ત થાય છે. વિચિત્ર વાત એ છે કે પોતાના લેખમાં એમણે બોધભાષા થવાને પાત્ર દેશવ્યાપી ભાષા, જે સાહિત્યભાષા અને સંસ્કારભાષા બને એવો એમનો આગ્રહ છે, એને વિકસાવવાનો અને સ્વભાષાને વિકસાવવાનો ઉપાય જુદો જુદો સૂચવ્યો છે. રાષ્ટ્રભાષા પરત્વે તેઓ કહે છે, " સ્નાતક અને અનુસ્નાતક વર્ગોમાં માધ્યમ તરીકે જો એ ભાષા વપરાય તો એના ઘડતરને ઘણો જ વેગ મળે." અને સ્વભાષા પરત્વે તેઓ કહે છે, " આપણે માધ્યમ ગમે તે રાખીએ, પણ પરિભાષા તો સમસ્ત દેશવ્યાપી એક જ હોવી જોઈએ...એટલે પારિભાષિક શબ્દોની સમૃદ્ધિ ગુજરાતીને, ગમે તે માધ્યમ હશે તોપણ... પૂરતાં પ્રમાણમાં મળી રહેશે એમાં શંકા નથી. આમ બિનગુજરાતી માધ્યમ ઉચ્ચ શિક્ષણ માટે રાખવાથી, ગુજરાતી ભાષાના વિકાસને ફટકો લાગશે એમ અમને જરાય લાગતું નથી. "

હવે પરિભાષા સમસ્ત દેશવ્યાપી એક હોય એવો તો અમારો પણ આગ્રહ છે; અને જો એમ જ હોય અથવા થાય તો તો પછી ઉપર જે ચર્ચા કરી છે તે કારણે આ. માંકડે સૂચવેલા વિકાસના બે માર્ગો પૈકી પહેલા માર્ગનો લાભ સ્વભાષાને મળવો જોઈએ, અર્થાત્ સ્નાતક અને અનુસ્નાતક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વર્ગોમાં એને માધ્યમ તરીકે પ્રયોજીને એના ઘડતરને વેગ મળે તેમ કરવું જોઈએ, જેથી ઉચ્ચ શિક્ષણ સહેલાઈથી જનતાના થરેથરમાં પચવા માંડે; અને પરિભાષા એક થવાથી, વળી શાળા-મહાવિદ્યાલયમાં ભણનાર વિદ્યાર્થીને ફરજિયાત બીજી ભાષા તરીકે રાષ્ટ્રભાષાનું શિક્ષણ ઠેઠ સુધી મળતું રહેવાનું તેથી સાંસ્કૃતિક સંપર્કમાં જરાય વિઘ્ન નહિ આવે અને પ્રાન્તીય વિશેષતા દ્વારા રાષ્ટ્રભાષાની સમૃદ્ધિ પણ વધશે. વિદ્યાર્થીના મનોવિકાસને અને પ્રજાના ભાષાવિકાસને નિષ્કારણ હાનિ પહોંચાડયા વિના જો પ્રશ્નનો ઉકેલ આણવો હોય તો આ રીતે જ આણી શકાશે.

૨. મેં લખ્યું છે કે સંસ્કૃત બોધભાષા પ્રાચીન કાળમાં નહોતી અને અત્યારે પણ નથી. તેની વિરુદ્ધ આ. માંકડે મુખ્યપણે એમ કહ્યું છે કે પ્રવેશપત્ર, પ્રશ્નપત્ર અને ઉચ્ચ વિષયોના જવાબો સંસ્કૃતમાં જ અત્યારે પણ લખાય છે, તો સંસ્કૃત બોધભાષા નથી એમ કેમ કહી શકાય? મારો જવાબ એમ છે કે પ્રવેશપત્ર, પ્રશ્નપત્ર અને ઉત્તરો સંસ્કૃતમાં લખાય છે એટલા જ માત્રથી જો સંસ્કૃતને બોધભાષા કોઈ કહે તો તેની સામે મારો લેશ પણ વાંધો નથી; પણ બોધભાષાનો એટલો જ અર્થ હું નથી લેતો. બોધભાષાનો એટલો જ અર્થ કરવો તે કોઈ પણ રીતે યોગ્ય નથી, એમ પણ હું માનું છું. બોધભાષાનો અર્થ હું એ કરું છું કે **जे भाषा द्वारा भणनार सहेलाईथी विषय समजी शके अने अध्यापक सहेलाईथी समजावी शके ते बोधभाषा.** આ અર્થમાં અત્યારે પણ સંસ્કૃત બોધભાષા નથી અને **પહેલાં** પણ નહોતી, એમ મારું નિરીક્ષણ અને ચિન્તન મને કહે છે. આ. માંકડે જ્યારે એમ કહ્યું છે કે સંસ્કૃત બોધભાષા ન હતી તે મારે જ સાબિત કરવું, તો હવે આ વિશે કાંઈક વિસ્તારથી લખું તો અસ્થાને નહિ ગણાય.

અધ્યયન અને અધ્યાપનનાં બાવીસ વર્ષ લગભગ મેં કાશીમાં ગાળ્યાં છે અને જૂની ઢબે ચાલતી તેમ જ જુદા જુદા પ્રાન્તના ઉચ્ચતમ વિદ્વાનો જેમાં શીખવે છે એવી પાઠશાળાઓ અને મહાવિદ્યાલયોનો શીખવા અને શીખવવાની દૃષ્ટિએ મેં પરિચય સાધ્યો છે. તે ઉપરાંત મિથિલા અને બંગાળનાં વિશિષ્ટ સંસ્કૃત કેન્દ્રોનો પણ અધ્યયનની દૃષ્ટિએ તેમ જ અવલોકનની દૃષ્ટિએ થોડોક જાતઅનુભવ મને છે. દૂર દક્ષિણમાં નથી ગયો, છતાં ત્યાંના વિશિષ્ટતમ અધ્યાપકોનો પણ કાશી, કલકત્તા અને મુંબઈ જેવાં સ્થાનોમાં આ દૃષ્ટિએ થોડોક પરિચય સાધ્યો છે. હું પોતે જે રીતે શીખતો, બીજાને શીખતા જોતો અને શીખવતો તે વખતે પણ આ દૃષ્ટિએ હું હમેશાં વિચાર કરતો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને સહેજે ભૂતકાળનો પણ વિચાર કરતો. આ બધા અધૂરા ગણો કે પૂરા ગણો, તે અવલોકનને આધારે જ મેં મારું વિધાન કર્યું છે. મેં જોયું છે કે જ્યાં વિદ્યાર્થી અને અધ્યાપકની ભાષા સમાન હોય છે ત્યાં ઉચ્ચતમ વિષયોને શીખવતી વખતે પણ અધ્યાપક માતૃભાષા જેવી સંસ્કૃતભિન્ન ભાષાનો જ મુખ્યપણે આશ્રય લેતો હોય છે, કેમકે શીખનાર વિદ્યાર્થી એ રીતે વિષયને બહુ જ સરળતાથી ગ્રહણ કરી લેતો હોય છે. એટલે જે અધ્યાપકો વિદ્યાર્થીના હિતની દૃષ્ટિએ જ શીખવતા હોય છે તે સીધી રીતે વિદ્યાર્થીને સમજાય એ જ ભાષાનો આશ્રય લેતા હોય છે. એવો એક પણ દ્રવિડિયન કે બંગાળી મોટો અધ્યાપક મેં નથી જોયો કે જે પોતાના પુત્રો કે સ્વભાષાભાષી વિદ્યાર્થીઓને શીખવતી વખતે માતૃભાષા છોડી માત્ર સંસ્કૃતનો આશ્રય લેતો હોય. જ્યાં વિદ્યાર્થી અધ્યાપકની પરિચિત ભાષા ન જાણતો હોય, અગર વિદ્યાર્થીની પરિચિત ભાષા અધ્યાપક બિલકુલ ન જાણતો હોય, તેવા દાખલાઓમાં અધ્યાપક ન છૂટકે સંસ્કૃત ભાષાનો આશ્રય લઈ ગમે તેવા વિષયોને પણ શીખવે છે એની ના નથી; પણ ક્રમે ક્રમે સ્થિતિ બદલાતી આવે છે. જો અધ્યાપક કરતાં વિદ્યાર્થી જ વધારે ગરજુ અને જિજ્ઞાસુ હોય છે તો તે અધ્યાપકની પરિચિત ભાષા જાણી લે છે. કેટલાક પ્રસંગોમાં વિદ્યાર્થી કરતાં અધ્યાપક અમુક કારણસર વધારે ગરજુ હોય છે. એવી સ્થિતિમાં અધ્યાપક વહેલો કે મોડો શીખનાર વિદ્યાર્થીની પરિચિત ભાષાથી કામ પૂરતો પરિચિત થઈ જાય છે. એટલે એકંદરે ભણવા—ભણાવવાનું ગાડું મુખ્યપણે સંસ્કૃતભિન્ન ભાષાને માર્ગે ચાલે છે.

ગીર્વાણ ગિરાનો જે મહિમા વિદ્યાર્થી, અધ્યાપક કે અમુક કોટિના સમાજમાં પ્રતિષ્ઠિત થયો હોય તેની સાથે ઉપર વર્ણવી તે વસ્તુસ્થિતિને ભેળવી દેવાની ભૂલ આપણે ન કરવી જોઈએ. એ મહિમાને લીધે સંસ્કૃતમાં વ્યાખ્યાનો અપાય કે બીજી–ત્રીજી રીતે એ પ્રયોજાય એમ બને, પણ ભણવા-ભણાવવાની સ્વાભાવિક રીત તો ઉપર બતાવી તે જ હતી, છે અને હોઈ શકે, એમ હું સમજું છું.

તો પછી પ્રશ્ન થશે કે સંસ્કૃતના અસાધારણ વિદ્વાનો સંસ્કૃત ભાષામાં જ ઉચ્ચતમ વિષયોને બહુ જ ઊંડાણથી લખી ગયા તે કેમ સંભવ્યું ? ઉત્તર અહીં વિસ્તારથી આપવાની જરૂર નથી, પણ સંક્ષેપમાં એટલું કહેવું પૂરતું થશે કે બીજી ભાષાનો આશ્રય લેવા છતાં મુખ્યપણે શીખવાના ગ્રંથો તો સંસ્કૃતમાં જ લખાયેલા હોય છે—વેદના વારાથી; અને એ ગ્રંથોને ભાષા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમ જ વિષયની દૃષ્ટિએ શીખવા ને શીખવવા માટે એવું એક સંસ્કૃતમય માનસિક ઘડતર ઊભું થાય છે કે તેને લીધે એવા ગદ્યગ્રંથો જ નહિ, પણ પદ્યરચનાઓ પણ કરવી તેમને સરળ બને છે.

૩. મારા ઉપર્યુક્ત લેખમાં મેં ગાંધીજી વગેરેના મતો છાપેલા તે આ. માંકડને ભ્રામક લાગ્યા છે. તેઓ કહે છે, "એ મતો જ્યારે ગાંધીજી વગેરેએ ઉચ્ચાર્યા હતા ત્યારે આ પ્રશ્ન આ રૂપમાં એમની પાસે હતો જ નહિ; એ વખતે તો અંગ્રેજીનું જ સાર્વત્રિક સામ્રાજ્ય હતું અને એને ટાળવું એ જ મુખ્ય પ્રશ્ન હતો. એ પ્રશ્ન આજના રૂપમાં ગાંધીજી પાસે હોત તો એ શો મત આપત તેના વિશે કશું જ કહેવું અપ્રસ્તુત છે." આ સંબંધમાં મારે એટલું જ કહેવાનું છે કે ગાંધીજીના અવસાનને ફક્ત દોઢ જ વર્ષ વીત્યું છે. એટલા ટૂંકા ગાળામાં પરિસ્થિતિ કે પ્રશ્નનું રૂપ એકદમ એવું તે કેવું બદલાયું છે તે મારી સમજમાં આવતું નથી. પરિસ્થિતિ બદલાયાની દલીલ મારે મતે નકામી છે. ઊલટું, સ્વરાજ્ય મળ્યાથી તો જે પરિસ્થિતિ ગાંધીજી વગેરેએ કલ્પેલી તે ઉપસ્થિત થઈ છે, કેમ કે અંગ્રેજોના જવાની સાથે અંગ્રેજીની ઉપાધિ પણ ગઈ છે. આ પરિસ્થિતિ આપણી સામે પ્રત્યક્ષ રૂપે આવતાં આપણને એ નવી લાગે, પણ નિત્યના પરામર્શથી ગાંધીજી વગેરેને એ નવી ભાગ્યે જ હોય. વળી, વર્ષો સુધી સ્વાભાવિક ક્રમે ગાંધીજીએ પ્રજાની કેળવણીમાં પ્રયોજવા માટેની ભાષાનો જે વિચાર સેવ્યો તે જ પં. જવાહરલાલ નેહરુ, રાજેન્દ્ર બાબુ, શ્રી. કિશોરલાલ મશરૂવાળા, પં. રાહુલ સાંકૃત્યાયન વગેરેના મસ્તિષ્કમાંથી વહે છે, તે પણ આકસ્મિક યોગ તો ન જ હોઈ શકે. પરિસ્થિતિના સમ્યક્ દર્શનનો જ એ પરિપાક છે. વળી, પરિસ્થિતિ બદલાયાનો જેવો અનુભવ આ. માંકડને થયો છે તેવો આ વિદ્વાનોને થયો હોત તો એમણે જરૂર પોતાના વિચાર–પરિવર્તનની પ્રજાને જાણ કરી હોત. ગાંધીજી સિવાયના વિદ્વાનો આપણે સદ્ભાગ્યે હજી આપણી વચ્ચે છે. તેમણે કંઈ વિચાર બદલાયાની જાહેરાત કરી નથી. અને ગાંધીજીએ પોતાનો વિચાર ઉતાવળમાં કે અધીરાઈમાં કે અંગ્રેજીના દ્વેષથી પ્રેરાઈને ઓછો જ ઘડ્યો હતો? ગાંધીજી કેવળ વિધ્વંસનો વિચાર કરતા નહોતા, સાથે રચનાનો પણ વિચાર કરતા હતા. જેમ વિલાયતી કાપડની હોળી કરવાનું કહીને પ્રજાને કાંતવાનો માર્ગ એમણે બતાવ્યો તેમ અંગ્રેજી જેવી પરભાષાની ઉપાધિને કાઢ્યા પછી એના સ્થાનમાં કઈ ભાષા કઈ કક્ષામાં હોય તે સંબંધી એમની પાસે સ્પષ્ટ નિશ્ચય હતો. ઠેઠ આફ્રિકામાં રહેતા હતા તે કાળથી તે મરણપર્યંત એ નિશ્ચય એમણે ટકાવેલો. એમને મતે હિંદી રાષ્ટ્રભાષા હતી અને

Jain Education International   For Private & Personal Use Only   www.jainelibrary.org

કેળવણીનું સ્વાભાવિક વાહન પ્રાન્તભાષા હતી. 'હિંદ સ્વરાજ્ય' લખ્યું તે વખતથી (શ્રી. પ્રભુદાસ ગાંધીના 'જીવનનું પરોઢ' એ પુસ્તકનો આધાર લઈએ તો તેની પણ પહેલાંથી એટલે કે ૧૯૦૮ પહેલાંથી) તે ૧૯૪૮ના જાન્યુઆરી સુધી આગ્રહપૂર્વક અને વારંવાર એક જ પ્રકારનો મત એ પ્રગટ કરતા રહ્યા હતા. ૧૯૨૭માં એમણે લખેલું, "મેં ઘણી વાર કહ્યું છે તે ફરીને કહું છું કે હિંદી વાટે પ્રાન્તભાષાઓને દબાવવાનો મારો ઈરાદો નથી, પરંતુ હું તેમાં હિંદીને ઉમેરવા આતુર છું કે જેથી પ્રાંતો એકમેકનો જીવંત સંપર્ક સ્થાપી શકે. આનું પરિણામ એ પણ આવવું જોઈએ કે પ્રાંતભાષાઓ ને હિંદી બેઉ એથી સમૃદ્ધ બને."

જો આમ છે તો પછી પૂ. ગાંધીજી નથી એટલી જ હકીકતનો લાભ લઈ આ પ્રશ્ન પૂરતી પરિસ્થિતિ બદલાયાની દલીલ કરી બુદ્ધિભેદ ઊભો કરવાનું પ્રયોજન રહેતું નથી—જોકે આગળ વધીને હું એમ પણ કહું કે આપણને જે સાચું લાગતું હોય તે સમર્થોના વિરોધનું જોખમ વહોરીને પણ કહેવું જ જોઈએ. ગાંધીજી વગેરેના ઉતારા મેં મારા લેખમાં આપેલા તે બીજાઓને આંજીને તેમની વિચારશક્તિને કુંઠિત કરવા માટે નહિ જ, પણ પરિસ્થિતિના એકસરખા દર્શનમાંથી જે એકસરખી વિચારસરણી પ્રગટી રહેલી તેનો ઉપયોગ મારા વક્તવ્યને પુષ્ટ કરવા માટે મેં કર્યો હતો.

આટલો ખુલાસો પૂરતો થશે એમ માનું છું.

—બુદ્ધિપ્રકાશ, ઓગસ્ટ ૧૯૪૯.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org